# રમેશનું જીવસટોસટનું કાર્ય

– પોપટલાલ મંડલી

નામ એનું રમેશ. કુટુંબમાં ઘરડાં મા. બીજું કોઈ ન મળે. આજીવિકા માટે તળાવની પાળ પાસે સરસ મજાનો બાગ હતો. આ બાગમાં ફળોથી લચી પડતાં વૃક્ષો હતાં. મા–દીકરો આ બાગની સંભાળ રાખે. અઠવાડિયે ટોપલો ભરીને ફળ ઊતરે. રમેશ શહેરમાં જઈ આ ફળો વેચી આવે, એ આવકથી મા–દીકરાનું ગુજરાન ચાલે.

ગુજરાત એમનું માદરે વતન. એના એક જિલ્લાના નાનકડા ગામમાં બંને રહે.

એક દિવસની વાત છે. રમેશે ટોપલો ભરીને લીંબુ ઊતાર્યાં. ન લેવાં હોય તોયે લેવાનું મન થાય તેવાં હતાં લીંબુ. આવા લીંબુ વેચવા તે શહેરમાં આવ્યો. સાંજ પડી ગઈ છતાં લીંબુ ખપ્યાં નહીં. રમેશ વિચારમાં પડી ગયો, 'હવે મારે શું કરવું ?'

એના મનમાં એક વિચાર ઝબૂકી ગયો. તે શેરીએ શેરીએ ફરવા લાગ્યો. બૈરાંઓએ ભેગાં મળી આ બાલ વેપારી પાસેથી બધાંય લીંબુ લઈ લીધાં. તે મોજમાં આવી બાગ તરફ રવાના થયો. એને થયું, 'આજ મા પાસેથી પરીકથાઓ સાંભળીશ.'

રમેશ ખરે જ પરગજુ અને મહેનતુ છોકરો હતો. તે સારો વિચારક અને સંસ્કારશીલ હતો. માનો પડયો બાલ ઝીલી લેતો હતો, ગામથી દૂર મા–દીકરો બાગમાં રહેતાં હતાં.

મા એને કાયમ શિખામણ આપતી, 'બેટા, પંડનું રળેલું ખાવું. અણહક્કનું અન્ન જીવનનો બગાડ કરી નાખે. પૈસા ખોવાથી જો તકરાર મટતી હોય તો તેમ કરી લેવું સારું. કોઈને પીડા કરવી તે પાપ છે. દીન–દુઃખીને ઉપયોગી થવું એ જ ધર્મ છે. મુસીબતમાં આવેલાને મદદ કરવી એ ખરી માણસાઈ છે. દુઃખ વેળા ઉદ્યમ સિવાય કોઈ કામમાં આવતું નથી. ઉદ્યમ મિત્ર છે જ્યારે આળસ દુશ્મન છે. સુખ–દુઃખ તડકો ને છાંયા જેવાં છે.' રમેશ આ શિખામણ વાગોળતો ચાલ્યો આવતો હતો.

એવામાં રેલવેના પાટા આવ્યા. એણે પાટા ઓળંગતાં પહેલાં બંને બાજુ જોઈ લીધું. એક બાજુથી ધસમસતી માલગાડી આવી રહી હતી. તે અટકી ગયો.

એણે બીજી બાજુ જોયું તો એક ઘરડી ડોસી પાટા વચ્ચે ચાલી જતી હતી. એણે બૂમ પાડી કહ્યું, ‘મા......જી ખસી જાઓ. પાછળ માલગાડી આવે છે.’ પરંતુ ડોસી ખસી નહિ. ગાડી ઉપરા છાપરી વ્હીસલો વગાડતી હતી પણ માજી પોતાની ધૂનમાં મસ્ત રીતે ચાલી જતી હતી.

વિચારવાનો સમય ન હતો. એ પોતાની જાત પર કાબૂ રાખી શક્યો નહીં. એ દોડીને ડોસી પાસે પહોંચી ગયો. ગાડી આવે તે પહેલાં એણે ડોસીને ધક્કો મારી એક બાજુ પાડી દીધી.

ગાડી ધસમસતી ચાલી ગઈ. પરોપકાર કાર્ય કરવા બદલ એને કોઈ લાભ તો ન થયો પરંતુ એનો પ્રાણ ભયમાં આવી ગયો.

ગાડીમાંથી એક બળતો અંગારો ઊડી એના ટેરીકોટનના ખમીસ પર પડયો. એનું ખમીસ ભડ ભડ સળગવા લાગ્યું. એનો રસ રમેશની ચામડી સાથે ચોંટી ચામડીને બાળવા લાગ્યો. રમેશે ઝટપટ ખમીસ કાઢી ફેંકી દીધું. એ આખા શરીરે દાઝી ગયો હતો. એના રુંવે રુંવે બળતરા ઊપડી. એ સહન કરી શક્યો નહીં. બેભાન થઈ ત્યાં જ ઢળી પડયો.

હવે પડી ગયેલી ડોસી ઊભી થઈ એની મદદે આવી. એણે જોરજોરથી બૂમો પાડી. લોકોને ભેગા કર્યા.

લોકોએ રમેશની જીવસટોસટની બચાવની કામગીરી જાણી. સૌને આ નાનકડા છોકરા પ્રત્યે હમદર્દી જાગી. એના પ્રત્યે અહોભાવ થયો. એમણે રમેશને તાત્કાલિક દવાખાનામાં દાખલ કર્યો.

સારવાર કરતાં પહેલાં ડૉક્ટરે પૂછ્યું, ‘આ છોકરો કેવી રીતે દાઝયો છે ?’ ડોસીએ અને લોકોએ એના ભલા પરાક્રમની વાત કરી.

રમેશની કરુણાંતિક સાંભળી ડૉક્ટર, નર્સ અને અન્ય કર્મચારીઓને રમેશ પ્રત્યે સહાનુભૂતિ થઈ. એમણે પૈસા લીધા વગર ઉત્તમ સારવાર કરી. થોડા જ દિવસમાં રમેશ સંપૂર્ણ સારો થઈ ગયો. ડૉક્ટર સહિત તમામ કર્મચારીઓએ એને ભાવભરી વિદાય આપી. સૌની પાંપણો પર આંસુઓનાં તોરણો લટકતાં હતાં.

આવા ગુણિયલ અને પરગજુ રમેશે પરિસ્થિતિવશ ભણવાનું છોડી દીધું હતું. તે જાણી દવાખાનાના તમામ કર્મચારીઓએ મળી આગળ ભણાવવાનું ગોઠવી દીધું



ડૉક્ટરે આ બનાવને સારા સ્થાને છાપાંઓમાં પ્રગટ કરાવ્યો. એની કાપલીઓ બાળવિકાસ પરિષદ મારફત દિલ્લી મંત્રાલયને મોકલી. દિલ્લી મંત્રાલયે એની નોંધ લીધી. આપણા રાષ્ટ્રપતિએ એને ૨૬મી જાન્યુઆરી ૧૯૮૮ના રોજ દિલ્લી બોલાવી બાલવીર પુરસ્કારથી સન્માન કર્યું. એને શણગારેલા હાથી પર બેસાડી આખા નગરમાં ફેરવ્યો.

આ જોઈ એનાં ઘરડાં મા કૃત્યકૃત્ય થયાં. એમની આંખોમાંથી હર્ષનાં આંસુનો શ્રાવણ ભાદરવો બની ઊભરાતાં હતાં.

■